# નિવેદન

દયારામ, હરિશ્ચન્દ્ર ભટ્ટ, ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ, ગુલામમોહમ્મદ શેખ, કમલ વોરા, વિનોદ જોશીઃ આ સાતેય કવિઓ મને પહેલેથી પ્રિય છે.

દયારામ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા પ્રતિનિધિ ગણાય છે. હું ડભોઈનો, દયારામના ગામનો, મારા નાગરમિત્રો સાથે દયારામના ફળિયામાં અવારનવાર જવાનું થતું. અમારે ત્યાં દર વર્ષે દયારામ જયન્તી ઊજવાય, હું એમાં ૧૨-૧૩ વર્ષની વયથી ભાગ લેતો, એમનાં પદ કે ગરબીઓ ગાતો.

અધ્યયન દરમ્યાન જાણેલું કે હરિશ્ચન્દ્ર ભટ્ટ એક અનોખા કવિ છે, એમણે બૉદ્‌લેર વગેરે પશ્ચિમના કવિઓને જાણ્યા-માણ્યા છે. એ વીગત આધુનિક ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં મને સવિશેષ આકર્ષક લાગેલી.

ઉમાશંકર જોશી અને રાજેન્દ્ર શાહ દેશના સર્વોત્તમ ઍવૉર્ડ જ્ઞાનપીઠથી વિભૂષિત છે, પણ એ પહેલાંથી, એમના કાવ્યશબ્દનાં શક્તિ અને સૌન્દર્ય સિદ્ધ હતાં, પ્રસિદ્ધ હતાં. મારા કપડવણજ-નિવાસ દરમ્યાન રાજેન્દ્રભાઈના અને અમદાવાદ-નિવાસ દરમ્યાન ઉમાશંકરના એક સ્નેહીજન તરીકેનો મને લાક્ષણિક અનુભવ મળેલો. એને હું લ્હાવો ગણું છું.

ગુલામમોહમ્મદ શેખ આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ વરેલા ચિત્રકાર છે, પણ સુરેશ જોષીનાં સામયિકોમાં, એ શરૂનાં વરસોમાં, પ્રગટ એમનાં કાવ્યોએ આધુનિક સાહિત્ય વિશેના મારા પહેલા પહેલા પ્રેમને ખીલવ્યો હતો. આધુનિક અછાન્દસ ગુજરાતી કવિતાના પ્રારમ્ભકોમાં શેખ મોખરે છે. વડોદરામાં એમને અવારનવાર મળવાનું થયું છે.

કમલ વોરાનો પરિચય મુંબઈ ખાતે યોજાતા પરિસંવાદોમાં થયેલો, પહેલેથી મને એમનાં લઘુ-કાવ્યો ગમતાં. ઉત્તરોત્તર કમલ મને આધુનિક સંવેદનાના કવિઓમાં જુદા લાગ્યા અને હવે તો હું એમને અનુ-આધુનિક કાવ્યસર્જનના મુખ્ય કવિ ગણું છું.

વિનોદ જોશી એમના વિદ્યાર્થીકાળથી મારા મિત્ર છે. છન્દશાસ્ત્ર એના હૈયે વસે છે, એવું કે ઊંઘમાં પણ એ કોઈપણ પંક્તિના છન્દોલયનું પઠન/ગાયન કરી શકે. એનો 'મહાભારત'-સંલગ્ન અનુરાગ 'સૈરન્ધ્રી'-થી સુદૃઢ ભલે થયો, મારે મન એ છન્દસ્થ કાવ્યમાધ્યમ અને કાવ્યબાનીના વિશેષો સાથેની કાવ્યકલાનું એક અનવદ્ય દૃષ્ટાન્ત છે.

એવાં એવાં અંગત-બિનંગત કારણો ઉપરાન્ત, દરેક કવિની કાવ્યસૃષ્ટિ સ્વાયત્તપણેય મને એટલી જ પ્રિય છે. દરેક કાવ્યસૃષ્ટિ સાથે મારો ઘનિષ્ઠ નાતો રહ્યો છે. આ સૌ

વિશે મેં અગાઉ લખ્યું છે, છૂટક છૂટક પ્રકાશિત છે, પણ તે બધામાં હવે આ પુસ્તકથી સુધારાવધારા કર્યા છે. એટલું જ કહું કે સાહિત્યના ભાવક રૂપે મેં દરેકની સૃષ્ટિને ફરી એક વાર માણી છે, તેનું આસ્વાદન કર્યું છે, સમીક્ષા કરી છે. આશા છે કે આપણા પ્રથમ પંક્તિના આ સાત કવિઓ વિશેનાં મારાં સઘળાં વચનો આ એક જ પુસ્તકમાં હોવાથી વધારે પ્રભાવક અને ઉપકારક નીવડશે.

એક વાર અમદાવાદના મારા પડોશી મિત્ર વીનેશ અંતાણીએ એના પ્રકાશ્ય પુસ્તકની મને સ્પેસિમૅન કૉપી બતાવેલી. લેખકની પૂર્વસમ્મતિ માટેની પ્રકાશકની એ કાળજી જોઈને હું ખુશ થઈ ગયેલો. મેં તરત જાણેલું કે એ પ્રકાશન હતું, 'ઝેન ઓપસ'નું. ત્યાર પછી બીજાં પ્રકાશનોની જાહેરાતો જોવા-સાંભળવાથી પણ મને એવી જ કાળજી જોવા મળેલી. મને ઇચ્છા થયેલી કે મારા કોઈક પુસ્તકનું પ્રકાશન ત્યાં કરાવું. મેં 'ઝેન ઓપસ' પાસે પ્રસ્તાવ મૂક્યો. એનું પરિણામ તે આ પુસ્તક, 'સાત કવિઓ'.


મને એમનો પ્યૉર પ્રોફેશનલ ઍપ્રોચ જોવા મળ્યો છે, જે ગુજરાતી પ્રકાશનક્ષેત્રે વિરલ છે. એની મને એક ગુડ ફીલિન્ગ આવી છે. 'ઝેન ઓપસ'નો આભાર માનું છું, શુભેચ્છા સહિતનાં અભિનન્દન આપું છું.

**– સુમન શાહ**

## રાજેન્દ્ર શાહ

જન્મ ૧૯૧૩ - મૃત્યુ ૨૦૧૦

અહીં એમના કાવ્યસંગ્રહોના સંગ્રહ ‘સંકલિત કવિતા’-ની સમીક્ષા છે.



રાજેન્દ્ર શાહ

આપણને સૌને ખબર છે, યાદ પણ છે, કે આકાશમાં ઊડતું એક પંખી ‘વિટ્ટુઈ વિટ્ વિટ્ટુઈ વિટ્’ કરતું જતું હોય છે. એ પંખી સંદર્ભે રાજેન્દ્રભાઈએ એક કાવ્ય કરેલું, હાઇકુના કદનું, નાનું કાવ્ય; મેં એ નાનકડા કાવ્યનો દીર્ઘ આસ્વાદ લખેલો, વરસો વીતી ગયાં. એ આસ્વાદલેખ કોઈક સામયિકમાં પ્રકાશિત થયેલો, કયા સામયિકમાં, યાદ નથી.

અમે રૂબરૂ મળ્યા ન્હોતા. કપડવણજ એમનું વતન. ૧૯૬૬-થી ૭૨ દરમ્યાન હું કપડવણજ કૉલેજમાં પ્રોફેસર હતો. એમના એ વતનના ઘરે મળવાનું થયેલું. મળ્યા ત્યારે કહે, સુમન, હું તમને મળવા કેટલો આતુર હતો, મેં કહેલું કે હું પણ. ત્યારે એ કાવ્યાસ્વાદલેખની પણ ચર્ચા થયેલી. એમની દીકરી મારા ક્લાસમાં ભણતી’તી. મેં રાજેન્દ્રભાઈને હમેશાં સફેદ લેંઘા-ઝભ્ભામાં જોયા છે. સાહિત્યના રાજકારણથી સદા મુક્ત જોયા છે. હમેશાં મને પ્રેમાળ અને ચિરપરિચિત સજ્જનસમા લાગ્યા છે. મૂળની અને ધરમૂળની જાણવા જેવી ખૂબ વાતો કરે.

મુમ્બઈના ઘરે પણ હું અને જયન્ત પારેખ એક વાર નિરાંતે મળેલા. રાજેન્દ્રભાઈ વાત માંડે પછી તમારે બોલવાનો વારો આવે ખરો, પણ સમય એકાદ પ્રશ્ન કરવા જેટલો જ મળે. કહે, કાવ્ય સીધું મારા ચિત્તમાં આવે છે, પછી ઉતારી લેવાનું જ બાકી હોય છે. પ્રાસ, છન્દ કે લય એથી જુદાં નથી હોતાં.

મોરારિ બાપુની કેન્યામાં રામકથા હતી, ત્યારે અમે સાથે ગયેલા - કહે, સુમન, મારી સાથે રહેજો.

એક વાર, સાહિત્ય અકાદમી, દિલ્હીની ઍડવાઇઝરી બોર્ડની મીટિન્ગમાં, મુમ્બઈમાં, નિરંજન ભગતનાં કાવ્યોના સમ્પાદનનો મુદ્દો આવેલો. નિરંજનભાઈનાં કાવ્યો, એ સમ્પાદનની અમુકથી અમુક સાલની નિયત મર્યાદામાં બેસે એવાં ન્હોતાં. એટલે અમારા સૌની ના હતી. પણ સમ્પાદકના મિત્ર મોટાભા હતા તે કહે, નિરંજનનાં કાવ્યો કોઈપણ સમ્પાદનમાં લેવાવાં જોઈએ. રાજેન્દ્રભાઈએ ધરાર ના પાડેલી, ઘાંટો પાડીને બોલેલા - મારો મિત્ર છે છતાં કહું છું કે એનાં કાવ્યો એ સમ્પાદનમાં ન હોઈ શકે.

એક વાર પૂનામાં એક કાર્યક્રમમાં, કે. શિવરામ કારન્થ, ગુલાબદાસ બ્રોકર અને રાજેન્દ્ર શાહના સાન્નિધ્યમાં સાહિત્યની વાતો કરવાની મને ખૂબ મજા આવેલી.

એક વાર એમના ‘શાન્ત કોલાહલ’ કાવ્ય વિશે મારા ‘ખેવના’ સામયિકમાં પરિચર્યા પ્રકાશિત કરેલી, છ-સાત મિત્રોએ એ એક જ કાવ્ય વિશે પોતપોતાના દૃષ્ટિબિન્દુથી રસપ્રદ સમીક્ષાઓ લખેલી. (‘ખેવના’-ના બધા જ અંક હવે ‘એકત્ર ફાઉન્ડેશન’ પર ઑનલાઇન ઉપલબ્ધ છે.)

રાજેન્દ્રભાઈનો જન્મ ૧૯૧૩-માં, અવસાન ૨૦૧૦-માં; ૯૭ વર્ષનું આયુષ્ય. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાથી ફિલોસૉફી સાથે બી. એ. થયેલા. વડોદરામાં બંગાળી ભાષા કોઈ પાડોશી પાસેથી શીખેલા.

રાજેન્દ્રભાઈ ૧૯૩૦-માં, ૧૭ વર્ષની વયે, મૅટ્રિકનું ભણવાનું છોડીને દાંડીકૂચમાં જોડાયેલા! બહુ ઓછાઓને ખબર છે કે આઝાદી પૂર્વે, રાષ્ટ્રધ્વજ ફરકાવવા કપડવણજના ટાવરે ચડી ગયેલા અને જુલમી પોલીસ સામે ત્યાંથી ભૂસકો મારેલો! તેઓ સ્વાતન્ત્ર્ય સૈનિક પણ હતા, કારાવાસ પણ ભોગવેલો.

વેપારધંધામાં ખાસ ફાવટ નહીં આવેલી. અમદાવાદમાં કરિયાણાની દુકાન કરી. પછી મુમ્બઈ ગયા. ત્યાં લાકડાંનો વેપાર કરનારાને ત્યાં નોકરી કરી, ત્યારે થાણાના વનવિસ્તારમાં જવા-આવવાનું બહુ બનેલું. એ પછી મુમ્બઈમાં પ્રિન્ટિન્ગ પ્રેસ શરૂ કર્યું -‘લિપિની પ્રિન્ટરી’. ત્યાં દર રવિવારે કવિમિત્રો મળતા ને સાહિત્યકલાની વાતો થતી. એમના જાણીતા સામયિક ‘કવિલોક’-નો પ્રારમ્ભ ત્યાંથી થયેલો. એક દિવસ એ પ્રેસમાં આગ લાગેલી...

## જ્ઞાનપીઠ

૨૦૦૧-માં એમને દેશનો સર્વોચ્ચ સાહિત્યિક ઍવૉર્ડ ‘જ્ઞાનપીઠ’- અપાયો હતો. ત્યારે, હિન્દી ‘સહારા સમય’-ના ખબરપત્રીએ એમની મુલાકાત લીધેલી. એ મુલાકાત પછી બકવાસ જેવી ચર્ચા ચાલેલી, એટલે લગી વાત ચગેલી કે - આ ઍવૉર્ડ ખોટી વ્યક્તિને અપાયો છે. કારણ? કારણ એ કે ગોધરા-કાણ્ડ વિશે કવિ તટસ્થ રહેલા. ‘સહારા સમયે’ ઇન્ટ્રો બાંધીને લખેલું -“આખું ગુજરાત જ્યારે કોમી દાવાનળની આગમાં સળગતું હતું ત્યારે કવિ રાજેન્દ્ર શાહ જ્ઞાનપીઠ પુરસ્કારની પ્રતીક્ષામાં પ્રેમની કવિતાઓ રચતા હતા.” - આથી હલકટ અને મૂર્ખતાભર્યું પત્રકારત્વ મેં આજ દિન લગી જોયું નથી. દુખદાયી આશ્ચર્યની વાત એ છે કે દેશના નામી-અનામી અનેક સાહિત્યકારો એમાં જોડાયેલા, મહાશ્વેતા દેવી પણ. ‘સમકાલીન’ દૈનિક અને ‘નિરીક્ષક’ પખવાડિક એ બકવાસની વીગતવાર માહિતી આપણે ત્યાં લાવેલાં, જેથી આપણ સૌ ગુજરાતીઓને એની ખબર પડેલી.

એવું સનસનીખેજ પત્રકારત્વ બાલિશ રાષ્ટ્રભક્તિ દાખવતું હોય છે અને કિન્નાખોરીથી લખતાં ખંચકાતું નથી. એવા સાહિત્યકારો પણ જાગ્રત પ્રજાજન હોવાનો દાવો કરતા હોય છે, પણ એ દાવો જેટલો વાચામાં હોય છે એટલો કદી કર્મમાં હોતો નથી. રેલો નીચે આવે ત્યારે ઉંદરડાની જેમ દરમાં પેસી જતા હોય છે.

સર્જકની સમ્પ્રજ્ઞતા, પ્રતિબદ્ધતા કે સમાજાભિમુખતાનાં લેખાંજોખાં અમુક જાતના ખબરપત્રીઓનાં ગંદાં કાટલાંથી ન જોખાય. કાટલાં ગંદાં એટલા માટે કે મોટા ભાગનાં છાપાં સરકારોની કુરનિશ બજાવતાં હોય છે. એ 'સહારા સમય' સંદર્ભે ૨૦૦૩-માં 'રાજેન્દ્રભાઈની એ મુલાકાત નિમિત્તે' શીર્ષકથી મેં લેખ કરેલો. એ વર્ષમાં, 'મૂર્ધન્ય ગુજરાતી-ભારતીય કવિ રાજેન્દ્ર શાહ' શીર્ષકથી ૧૯ પાનનો બીજો લેખ કરેલો. બંને લેખ મારા 'નિસબતપૂર્વક' (૨૦૧૧) પુસ્તકમાં સંઘરાયા છે.

## દીર્ઘ સર્જનયાત્રા

સર્જકને પામવા એની સૃષ્ટિમાં કાળજીપૂર્વક ઊતરવું પડે. પણ એ બાબતમાં તો સારા કહેવાયેલા સાહિત્યકારો પણ પછાત પુરવાર થાય છે. ખરી વાત એ પણ છે કે રાજેન્દ્રભાઈની કવિતાનો આપણા ભાવકવર્ગને ખાસ કશો ઊંડો પરિચય નથી; એમના સર્જનાત્મક વિકાસની આપણી પાસે કશી ચોક્કસ છબિ નથી. મને યાદ નથી કે રાજેન્દ્રભાઈને જ્ઞાનપીઠ અપાયા પછી એમને વિશે કશું નોંધપાત્ર લખાયું હોય.

એમનું કાવ્યસર્જન ૧૭ વર્ષની વયે પ્રારમ્ભાયું. 'ધ્વનિ' પહેલો કાવ્યસંગ્રહ, ૧૯૫૧-માં પ્રકાશિત, -૩૮ની વયે. કાવ્યસંગ્રહો અને અનુવાદો મળીને એમનાં ૨૦-૨૫ જેટલાં પુસ્તકો હશેઃ 'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'ચિત્રણા', 'ક્ષણ જે ચિરંતન', 'વિષાદને સાદ', 'મધ્યમા', 'ઉદ્ગીતિ', 'દક્ષિણા', 'પત્રલેખા', 'પ્રસંગ સપ્તક', 'પંચપર્વા', 'કિંજલ્કિની', 'વિભાવન' અને છેક છેલ્લે 'હા, હું સાક્ષી છું'.

૧૯૫૧-થી માંડીને ૧૯૮૩ સુધીની ૩૧-૩૨ જેટલાં વર્ષની એમની દીર્ઘ કાવ્યસર્જનયાત્રા રહી છે. ૧૯૮૩ પછી પણ એ યાત્રા અવિરામ ચાલુ રહી છે. ૧૯૮૩માં, સર્વસંગ્રહ 'સંકલિત કવિતા' પ્રકાશિત થયો છે. એનાં ૧૦૦૦-થી વધુ પૃષ્ઠ પર રાજેન્દ્રશબ્દ અંકિત છે.

એ દીર્ઘ સર્જનયાત્રાની કેટલીક વીગતો આ પ્રમાણે છેઃ

૧. એમની સૃષ્ટિની પહેલી ઓળખ એ છે કે એ સભરે ભરી છેઃ

૨. 'ધ્વનિ' પછીનાં નોંધપાત્ર ઉચ્ચયનો છે, 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'ક્ષણ જે ચિરન્તન', 'મધ્યમા', 'ઉદ્ગીતિ', 'પત્રલેખા'. એમાં, કવિકર્મનો વિકાસ જોઈ શકાય છે.

૩. લગભગ બધા સંગ્રહોમાં સૉનેટ કાવ્યો છે. ‘આયુષ્યના અવશેષે’-માં પાંચ સૉનેટ છે. ‘વનખણ્ડ’-માં ચાર. ‘રાગિણી’-માં ૮.

૪. કાવ્યમાળાઓ - ’છલનિર્મલ’, ‘તારું નવ નામ નીલાંજના’, ‘ખાલી ઘર’, ‘પ્રભો’.

૫. દસ પંક્તિનાં કાવ્યો - ‘ઇક્ષણા’.

૬. ગઝલરચનાઓ - ‘પંચપર્વા’.

૭. વિલક્ષણ કાવ્યબન્ધ ધરાવતી રચનાઓ - ‘ખાંયણાં’, ‘વિભાવન’.

૮. ગુચ્છ રચતાં કાવ્યો - ‘મધ્યમા’, ‘દૈનંદિની’, ‘નિદ્રિત નયને’.

૯. દીર્ઘ કાવ્યો - ‘મારું છે અન્ન’, ‘આજની આ કથા’, ‘પત્ર’, ‘સ્વપ્ન’, ‘ગ્રીષ્માન્ત’, ‘ઐકાન્તિક દિન’, ‘ક્ષણને આધાર’, ‘બોલાવતું હશે કોણ?’ ‘ઉત્કણ્ઠ’.

૧૦. પદ્યસંવાદ અને પદ્યનાટક સદૃશ રચનાઓઃ ‘પદ્માવતી’ - કવિ જયદેવના જીવનના એક પ્રસંગ પર આધારિત છે. ‘પ્રસંગપ્તક’-માં, અહલ્યા કૈકેયી રેણુકા સત્યા શકુન્તલા પૃથા અને અર્જુન - દરેકને વિષય બનાવીને દરેકનાં આગવાં અર્થઘટન કર્યાં છે.

૧૧. ગીતસૃષ્ટિ - ‘કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે’. ‘આપણા દુઃખનું કેટલું જોર?’. ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’. ‘ઇંધણાં વીણવા ગૈ’તી મોરી સહિયર’ વગેરે અનેક ગીતરચનાઓ છે અને સુગેયતા ગુણે રસપ્રદ હોવું એ એની લાક્ષણિકતા છે. ઉપરાન્ત, ‘વનવાસીનાં ગીત’-ની રચનાઓ પણ એટલી જ નોંધપાત્ર છે.

બીજા શબ્દોમાં એમ કહેવાય કે રાજેન્દ્રભાઈની કાવ્યસૃષ્ટિ વિરાટ છે. એની પૂરી વાત તો થાય જ નહીં ને કરવી જ હોય તો દિવસો જોઈએ; અને એ પણ એક અર્થમાં તો અનુચિત જ ગણાવાનું. એ સભાનતા અને ક્ષમાભાવ સાથે, લાગે છે કે હું એ વિરાટ સૃષ્ટિની ઝાંખી કરાવી શકીશ.

‘સંકલિત કવિતા’-માં એમણે જાતે કહેલું તે સ્મરણીય છે; કહે છેઃ “કાવ્યના સૌન્દર્યને અને રસને પામવાની પ્રક્રિયા મને તો પ્રેયસીના અવગુંઠનની ઓથે રહેલા વદનના સૌન્દર્યને અને ઓષ્ઠના રસને પામવાસમી લાગે છે. કોમળ સ્પર્શથી મહીન આવરણને જરા આઘું કરી મુખની સુરખી અને નેત્રની દ્યુતિ ઝીલી શકાય. પ્રત્યેક ભાવક નિજી સંસ્કાર અને રુચિ પ્રમાણે રસાનુભવ કરે એમાં વચ્ચે આવવાનું ન હોય”.

આમેય તેઓ તો આ ધરાતલ છોડી ગયા છે, આપણી વચ્ચે નથી જ આવવાના.

## ગીતરચનાઓ

કેટલાંક ગીતોની કેટલીક પંક્તિઓ તો ઘણી જ સ્મરણીય છે, જેમકે -

*મને જરા ઝૂંક વાગી ગઈ... માલતીની ફૂલ કુમળી તોયે ડૂંખ લાગી ગઈ...*

■

*સૂકી મેં વીણી કાંઈ ડાળી ને ડાંખળી*
*સૂકાં અડૈયાંને વીણ્યાં રે લોલ*
*લીલી તે પાંદડીમાં મ્હેકંત ફૂલ બે'ક*
*મારે અંબોલડે ખીલ્યાં રે લોલ.*

■

*હરિ તારા ઘટના મન્દિરિયામાં બેસણાં હોજી.*
*હરિ હુંય એ જ ઘરનું બાળ.*

■

*ફૂલની ભીતર ભરિયું તે મધ ભમરે લીધું પ્રીછી*
*ઓયમા મને ચટકી ગયો કાળમુખો કોઈ વીંછી.*

■

*કોઈ સૂરનો સવાર*
*આવી ઊતર્યો અરવ મારે ઉરને દ્વાર.*

■

*તને જોઈ જોઈ તોય તું અજાણી*

'શાન્ત કોલાહલ' સંગ્રહમાં 'વનવાસીનાં ગીત' એવા શીર્ષકથી રાજેન્દ્રભાઈએ ૧૮ રચનાઓ રજૂ કરી છે. કેટલીક રચનાઓની કોઈ કોઈ પંક્તિ રજૂ કરીને સંતોષ માનું:

૧. *નમીએ અગનફૂલને હેતે નમીએ અગનફૂલ,*
*ઓથમાં જેની ઊછરે આપણ વનવાસીનું ફૂલ.*

*રાનપશુનાં નેણમાં એના તેજની વાગે શૂલ.*

૨. *પાછલી રાતના ઝાકળમાં ઝંખવાય રે અગનફૂલ*
*ઉગમણે તેજ મ્હોરતું ને ટહૂકાર કરે ચણ્ડૂલ*

*મોકળે મને રાન-વેરાનમાં*
*માણીએ સંસાર; ઝંખવાય રે અગનફૂલ.*

૩. *વાગે રે, વરણાગિયું લીધું હાથમાં વાસણ ઠાલું,*
*બોલની હારે પાયલિયું રણકારે એને*
*માનસરોવવર માંહ્યલા ઓલા કમલનો કૉલ આલું*

*સાવજનીયે સોડમાં સરી કરીએ અટકચાળું.*

*તારલિયાના તેજને વ્હેતાં વાંચીએ ઝરણપાણી*

*રાનમાંજારનાં નેણથી વીંધાય રેણનું કાજળ કાળું.*

૪. *કાંચળી જોઈને કાયે ભાગે ને મૌવર માંડે મરદ,*
*સાત પાતાળનાં ભોંયરાં ભેદીને આવતી નાગણ*
*રાગનું એનેય દરદ.*

વાત નાગણ અને મદારીની છે, પણ ખરી વાત તો પ્રિય અને પ્રિયાની છે.

૫. *એય વ્હાલીડા! સાંભળી લેજે સાદ.*
*અંગ મ્હારાંને વીંટળાયો છે નાગ,*
*ઝેરની એનાં જીરવી જાય ન આગ,*
*મૌવરમાં ધર, મન્તરનો કોઈ રાગ*
*નહીં તો એલા, જિન્દગી લગી મેલજે મોરી યાદ.*
*વ્હાલીડા સાંભળી લેજે સાદ.*

૬. *છોરી! તોરી વાત વેલાતી!*
*આવડે ના તોય ઊકલે મરમ*
*મનમાં એની મ્હેક ફેલાતી.*

*તડકે તપ્યું રાન ભલે ને*
*આંહી તો પૂનમ રાત રેલાતી.*

૭. *જૂઠી તે રીસને રાગે નેપુર તારાં રૂમઝૂમ રૂમઝૂમ વાગે, રૂપાળવી.*

*આવડો ફૂંફાડો ન રાખીએ નકામ*
*એને ન્હાનો ગોવાળિયોય નાથે.*

રાજેન્દ્ર શાહ

૮. *કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,*
*મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.*

*આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે...*

*તાવ હોય જો કડો ટાઢિયો*
*ક્વાથ કુલડી ભરીએ, વાંતરિયો વળગાડ હોય તો*
*ભૂવો કરી મંતરીએ... કેવડિયાનો કાંટો અમને...*

૯. *કાજળિયા અન્ધારથીયે કંઈ કાળવી ત્હારી કીકી*
*સળગ્યાં મ્હારાં નેણલાં એને જોઈને ટીકી ટીકી.*

૧૦. *વનમાં વાયરે ઘેરી'તી આજ, મ્હને વનમાં વાયરે ઘેરી*
*કિયા જનમનો વેરી, તે આજ મને વનમાં વાયરે ઘેરી.*

૧૧. *પેલે તીરે તારું ગામ વ્હાલીડા, હું આ તીરની વનવાસી,*
*વાંકડી રે એની ચાલથી, બેઉને ભીંજવી જાય વરાંસી.*

૧૨. 'શરત' - સમગ્ર રચનામાં કવિનું મને એક અનોખું સર્જનાત્મક ઉડ્ડયન જોવા મળ્યું છે.

*પાતળી કેડી કેરકાંટાળી*

*અંટેવાળે આવતાં એખણ એરું,*

*સાવજ કેરી ખાલની મને આલ મજાની મોજડી...*

*ગોફણના એક ઘાથી ઉતાર*
*નભનો તેજલ તારો,*
*ભાલની મારી બિંદીએ મેલી*
*અંજવાળું જનમારો,*

*ઝરણાંનાં ઝાંઝરની તાલે રમતાં રે'તાં*

*ચડવો મારે એક અવિચલ મેરુ.*

*આટલું મારું વેણ રૂડી જે રીતથી રાખે*

એ જ તે મારા આયખાનો ભડ ભેરુ. - નાયિકાના ઓરતા તો જુઓઃ સાવજ કેરી ખાલની મોજડી, ગોફણના એક ઘાથી ઉતારેલો નભનો તેજલ તારો એના ભાલની બિંદી, ઝરણાંનાં એનાં ઝાંઝર...

રાજેન્દ્રભાઈએ ‘દરિયાખેડુ’નાં ગીત લખ્યાં છે, ‘વિભાવન’-માં સંઘરાયાં છે.

૧. *જાગ, હુલાસી જાગ...*

૨. *હાલ્ય રે ભેરુ, હાલ્ય હોંશીલા,*
*જોરનું જુવાળજળનું આયું તેડું.*
*હાલકડોલક થનગની રૂહે,*
*નાવડીનો દોર છોડ રે સાગરખેડુ.*

ખારવાનાં ગીત લખ્યાં છે, બે છે, ‘શ્રુતિ’-માં સંઘરાયાં છે.

૧. *હે ઈ ચાંગા, શુકર, બોમાન, શાની!*
*ભરતી આવી ભૂર, હો ભૂરાં અલબેલાનાં ઊછળે પાણીઃ હે ઈ રે હેલા*
*આ...ય*

*ન્હૈં મોતી, ન્હૈં ધોતી, કેવળ*
*કેડનું રેશમ ચીની ઘરદુવારે, ભરજુવાળે કાય રહે નિત ભીની.*
*રે હેલા હે ઈ રે હેલા આ... ય.*

૨. *હે... ઇ... ષા હેલોમ, હે એ ઈ ષા*
*હે... ઇ... ષા હેલોમ, હે એ ઈ ષા.*
*તે પછી - ભૈયા આપણ, હે એ ઈ ષા*
*ધારીએ આપણ, હે એ ઈ ષા*

ભતવારીનું ગીત બહુ સુન્દર છે, એની વ્યંજના પણ રમણીય છે, આખું આ પ્રમાણે છેઃ

*નાની રે પીલુડી ઝાઝા ઘેરની એની કન્દરાની હેઠ*
*એની છાંયડીની હેઠ*
*ધોમ રે ધખ્યાની વેળા ગાળીએ*

*અન્તે કહે છેઃ મધ રે બપોરે માજમ ચાંદની,*
*વીંઝણો વાતુંનો ઢળાય,*
*નયને સોણલાં કળાય,*
*કાળજે ટાઢક મીઠી માણીએ... નાની રે પીલુડી ઝાઝા ઘેરની...*

રાજેન્દ્રભાઈએ કવિ જયદેવના સુપ્રસિદ્ધ ‘ગીતગોવિંદમ્’-નો અનુવાદ કરેલો. એક ગીતની પહેલી કંડિકા આ પ્રમાણે છેઃ

*રતિસુખને સંકેત-નિકેત ગયેલ મનોહર વેશ*

*ન કર, નિતમ્બિનિ, ગમનવિલમ્બન, અનુસર તે હૃદયેશ*
*ધીર સમીરે યમુના તીરે અધીર કુંજવિહારી*
*આલિંગન-રંજન કારણ, જો, કરત કામના તારી.*

આ ગીત બહુ જાણીતું છે. મનોહર વેશ ધારણ કરીને રતિસુખની ઇચ્છાથી અભિસારે નીકળેલી નિતમ્બિનિને કવિ કહે છે, તારી હૃદયેચ્છાને અનુસર ને વાર ન લગાડ, કેમકે યમુનાતીરે શ્રી કૃષ્ણ આલિંગનરંજન માટે તારી કામના કરી રહ્યા છે.

જયદેવની પદાવલિશૈલીનું રાજેન્દ્રભાઈનું આ ગીત જુઓ -

*ઝલમલ ઝલમલ નદીજલ-લહરી, પવન વહે પણ મલમલ,*
*પૂરવ ગગનને અરુણ કિરણ, મૃદુ વિકસત રમ્ય કમલદલ*
*મધુ-પરિમલ-રત અલિગણ ગુંજે,*
*મુકુલિત કલરવ નિખિલ નિકુંજે;*
*કહીં, પ્રિય!*
*કહીં તુમ નિવસત? નયનન વિકલ ભમે મુજ થલથલ,*
*ઝલમલ ઝલમલ નદીજલ-લહરી...*

## 'ધ્વનિ'-માં ગીતો

'ધ્વનિ'-માં, કાવ્યો છે, લગભગ એટલાં જ ગીતો છે.

૧. *કોઈ સૂરનો સવાર*
*આવી ઊતર્યો અરવ મારે ઉરને દ્વાર. (૧).*

સવાર ખરો પણ સૂરનો -કલ્પી જુઓ. ઊતર્યો ક્યાં? એક જાણીતા સ્થાને, ઉરને દ્વાર. પણ અરવ ઊતર્યો છે, કશા અવાજ કે ઘોંઘાટ વિના. 'સવાર'-'દ્વાર' એ પ્રાસ વચ્ચે એના આગમનની 'અરવ' રીતિ આપણને વધુ વિચારવાની તક આપે છે.

આમ તો, સૂર સાંભળવાની ચીજ ગણાય, પણ આ તો એનો અસવાર છે. એના અંગ વિશે કહ્યું કે 'એને અંગ રે માટીની ગન્ધ મ્હેકતી', નયન વિશે કહ્યું કે 'નયને તેજનો છે રંગ', એના ઉમંગ વિશે કહ્યું કે 'જલનાં ઝરણ શું કિલ્લોલતો એનો ઉમંગ'.

૨. *તને જોઈ જોઈ તોય તું અજાણી (૩).*

આ ગીત રાજેન્દ્રભાઈનું જ નથી રહ્યું, ગુજરાતી ભાષામાં અને સમાજમાં ભળી ગયું છે, એટલે લગી કે એ ગીત એમનું છે એ વાત જ ભુલાઈ ગઈ છે. વર્જિલે કહેલું કે કવિનામ ભુલાઈ જાય તો એના શબ્દને મહાન સમજવો.